**મધ્ય ગુજરાત વિજ કંપની લિમિટેડ,**
**પાંચમો માળ, સરદાર પટેલ વિદ્યુત ભવન, રેસકોર્સ, વડોદરા – ૩૯૦ ૦૦૭.**
**સમક્ષ**
**કેસ નં. એમ.જી. I-૨૧-૨૦૧૫-૧૬**

અરજદાર: શ્રી કાળાભાઇ વજાભાઇ ઠાકોર,
ધોળબાઇના મુવાડા, ઓઠવાડ,
તા. બાલાસિનોર જી. મહીસાગર

રજુઆત કરનાર: બાબુભાઇ કાળાભાઇ ઠાકોર

સામાવાળા: નાયબ ઇજનેર
મધ્ય ગુજરાત વીજ કંપની લીમીટેડ,
પેટા-વિભાગીય કચેરી, બાલાસિનોર - ૨

રજુઆત કરનાર: શ્રી એ.એ. ઘાંચી, નાયબ ઇજનેર, પેટા-વિભાગીય કચેરી, બાલાસિનોર - ૨

ફરીયાદીની તા. ૧૧.૦૬..૨૦૧૫ ની ખેતી વિષયક વીજ જોડાણ મેળવવા બાબતની ફરિયાદ.

તા. ૧૯.૦૬.૨૦૧૫ ના રોજ ફરિયાદીની ખેતી વિષયક વીજ જોડાણ મેળવવા બાબતની અરજી સાંભળવામાં આવી. જેમાં ફરિયાદી તરફે ફરીયાદી વતી તેઓના પુત્ર શ્રી બાબુભાઇ કાળાભાઇ ઠાકોર હાજર રહયા તથા સામાવાળા એમ.જી.વી.સી.એલ. તરફે નાયબ ઇજનેર, શ્રી એ.એ. ઘાંચી, નાયબ ઇજનેર, પેટા-વિભાગીય કચેરી, બાલાસિનોર - ૨ હાજર રહ્યા. બન્ને પક્ષકારોને સાંભળ્યા તથા બંન્ને પક્ષે રજુ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવાની ચકાસણી કરી.

**ફરીયાદીની ટૂંકમાં વિગત એવી છે કે,**

ફરિયાદીએ નવીન ખેતીવાડી જોડાણના સ્થળ તપાસ દરમ્યાન પંચકયાસ થયા બાદ પંચકયાસમાં જણાવ્યા મુજબ ૬૦ દિવસમાં બોર કરી મધ્ય ગુજરાત વીજ કંપની લીમીટેડની પેટા વિભાગીય કચેરીને જાણ કરેલ. તેમ છતાં સામાવાળાના નાયબ ઇજનેર શ્રી, ફરીયાદીની વિજ જોડાણ માટેની અરજી રદ કરેલ. તેથી કયા નિયમોને આધારે અરજી રદ કરવામાં આવેલ છે તે જાણવા તથા વિજ જોડાણ મેળવવા માટે હાલની અરજ ફોરમ સમક્ષ કરેલ છે.

ફરીયાદી વતી તેઓના પુત્ર શ્રી બાબુભાઇ કાળાભાઇ ઠાકોર હાજર રહયા અને ફોરમ સમક્ષ રજુઆત કરેલ કે તા. ૧૮/૨/૨૦૧૨ ના રોજ અમોએ અમારા સર્વે નંબર: ૧૨૨૨/૪ માં થ્રી ફેઈઝ વિજ કનેકશન મેળવવા માંગણી કરેલ. સામાવાળા સર્વે કરવા આવેલ ત્યારે અમારા ખેતરમાં બોર કે કૂવો ન હતો તેથી સામાવાળાએ પંચનામા તા. ૨૮.૦૩.૨૦૧૫ માં ૬૦ દિવસની મુદત આપેલ અને ૬૦ દિવસમાં બોર/કૂવો બનાવી બાલાસિનોર–૨ પેટા વિભાગીય કચેરીને જાણ કરવા જણાવેલ. તે મુજબ અમારે તા. ૨૭/૦૫/૨૦૧૫ સુધીમાં બોર કૂવો તૈયાર કરી સદર કચેરીને જાણ કરવાની હતી. અમોએ તા. ૧૮/૦૫/૨૦૧૫ ના રોજ બોર તૈયાર કરાવી દીધેલ તે અંગે તલાટી કમ મંત્રી પાસેથી તા. ૨૧/૦૫/૨૦૧૫ ના રોજ દાખલો પણ મેળવેલ અને બાલાસિનોર–૨ પેટા વિભાગીય કચેરીને જાણ કરેલ, તેમ છતાં સામાવાળાએ અમારી વિજ જોડાણની અરજી રદ કરેલ છે. જે બિનકાયદેસર છે જેથી અમોને અમારા ખેતર સર્વે નંબર. ૧૨૨૨/૪ ગામ ઓઠવાડ મુકામે વિજ જોડાણ અપાવવા ફોરમને વિનંતી કરીએ છીએ.

સામાવાળા તરફે શ્રી એ.એ. ઘાંચી, નાયબ ઇજનેર, પેટા-વિભાગીય કચેરી, બાલાસિનોર – ૨ હાજર રહયા અને રજુઆત કરી કે ફરીયાદીને ત્યાં અગાઉ તા. ૨૪/૦૨/૨૦૧૫ ના રોજ સર્વે કરેલ ત્યારબાદ માલુમ પડેલ કે તેઓએ ખોટો સર્વે નંબર બતાવેલ છે. જેમાં બોર/કૂવો હતો. તેથી તેઓને તા. ૨૪/૦૨/૨૦૧૫ ના રોજ સાચી માહિતી આપવા નોટીસ આપી. ત્યારબાદ તા. ૧૧/૦૩/૨૦૧૫ ના રોજનો પત્ર લખી ખરા દસ્તાવેજી પુરાવા રજુ કરવા જણાવેલ. તે મુજબ અરજદારે દસ્તાવેજ મોકલી આપેલ. તદ્દઅનુસાર તા. ૨૮/૦૩/૨૦૧૫ ના રોજ માંગણી કરેલ સર્વે નંબરમાં સર્વે કરવામાં આવેલ અને માલુમ પડેલ કે ખેતરમાં બોર/કૂવો હતો નહીં. તેથી

પંચનામું કરેલ અને તે મુજબ તા. ૨૭/૫/૧૫ સુધીમાં (૬૦ દિવસ બોર/કૂવો બનાવી જાણ કરવા જણાવેલ. તલાટી કમ મંત્રીના તા. ૨૧/૦૫/૨૦૧૫ ના દાખલા મુજબ બોર બનાવેલ છે. આ અંગે ફરીયાદીએ તા. ૨૨/૦૫/૨૦૧૫ ના રોજ જાણ કરેલ. પરંતુ પ્રથમ સર્વે તા. ૨૪/૦૨/૨૦૧૫ ના દિવસે કરવામાં આવેલ તે મુજબ ગણતરી કરતા બોર / કૂવા બનાવી દાખલો રજુ કરવાની ૬૦ દિવસની મર્યાદામાં દાખલો રજૂ ન કરવાથી ફરિયાદીની નવા વીજ જોડાણની અરજી રદ્દ કરવામાં આવેલ છે.

ફોરમના સભ્યો સુનાવણી દરમ્યાન હાજર રહયા. બંન્ને પક્ષકારોને સાંભળ્યા અને રજુ કરેલ દસ્તાવેજી પુરાવા ધ્યાને લીધા. ફરીયાદીને ત્યાં સર્વે નંબર. ૧૨૨૨/૪ મુકામ ઓઠવાડમાં બીજી વખત અરજી મુજબના સાચા સ્થળ પર તા. ૨૮/૦૩/૨૦૧૫ ના રોજ સર્વે કરવામાં આવેલ ત્યારે ત્યાં બોર/કૂવો ન હતો. તે દિવસના પંચનામામાં સામાવાળાએ ૬૦ દિવસમાં તા. ૨૭/૦૫/૨૦૧૫ સુધીમાં બોર/કૂવો બનાવી બાલાસિનોર–૨ પેટા વિભાગીય કચેરી, મધ્ય ગુજરાત વીજ કંપની લીમીટેડને જાણ કરવાની બાંહેધરી ફરિયાદી પાસેથી લીધેલ. જે મુજબ ફરીયાદીએ તા. ૧૮/૦૫/૨૦૧૫ ના રોજ બોર તૈયાર કરેલ જે અંગે તલાટી કમ મંત્રી નો તા. ૨૧/૦૫/૨૦૧૫ ના રોજનો દાખલો મેળવી સામાવાળા બાલાસિનોર–૨ પેટા વિભાગીય કચેરીને સમય-મર્યાદા પહેલાં જાણ કરેલ તેમ છતાં સામાવાળાએ ફરીયાદીની પ્રથમ સર્વે કર્યાની તારીખ ગણત્રીમાં લઇને અરજી રદ કરી ફરીયાદીને વિજ જોડાણ આપેલ નથી. સામાવાળાએ ૬૦ દિવસની સમય-મર્યાદા નોટીસ બીજા સર્વે વખતે જ આપેલ છે. જેથી અરજી રદ્દ કરવાનો સામાવાળાનો નિર્ણય યોગ્ય નથી.

ફરીયાદીએ પોતે આપેલ બાંહેધરી મુજબ ૬૦ દિવસમાં બોર તૈયાર કરી સામાવાળાને જાણ કરેલ છે. ફરીયાદી તરફે કોઇ કસુર કરવામાં આવેલ નથી. તેમ છતાં સામાવાળાએ અરજદારને વિજ જોડાણ આપેલ નથી. જેથી સામાવાળાએ ફરીયાદીને મુકામ ઓઠવાડ સર્વે નંબર. ૧૨૨૨/૪ માં માંગ્યા મુજબ વિજ જોડાણ આપવું તેવો હુકમ કરવામાં આવે તો ન્યાયનું હિત જળવાઇ રહેશે તેમ ઠરાવી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

## હુકમ

આથી મધ્ય ગુજરાત વીજ કંપની લીમીટેડને હુકમ કરવામાં આવે છે કે ફરિયાદી શ્રી શ્રી કાળાભાઇ વજાભાઇ ઠાકોરને સર્વે નં. ૧૨૨૨/૪, ધોળબાઇના મુવાડા, ઓઠવાડ, તા. બાલાસિનોર જી. મહીસાગરના ને માંગ્યા મુજબનું વિજ જોડાણ કંપનીના નિયમાનુસાર આપવું.

| | | |
|---|---|---|
| (એ. જી. શાહ) | (હર્ષા એસ. ચૌહાણ) | (પી. જે. પટેલ) |
| ટેકનિકલ મેમ્બર | ઇન્ડીપેન્ડન્ટ મેમ્બર | ચેરપરસન |

આપને ફોરમના ઉપરોક્ત ઓર્ડરથી અસંતોષ હોય તો આપ સ્ટાફ ઓફિસર, ઇલેક્ટ્રીસીટી ઓમ્બડસમેન્ટની ઓફિસ, ગુજરાત ઇલેક્ટ્રીસીટી રેગ્યુલેશન કમીશન, બેરેક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. જીઇઆરસી નોટીફિકેશન ૨૦૧૫ ના નોટીફિકેશન નં. ૪ ના ચેપ્ટર નં. ૫ ના ક્લોઝ નં. ૧૩ મુજબ. ઓમ્બડસમેન્ટ સમક્ષ રજૂઆત કરી શકો છો.

<u>વિદ્યુત લોકપાલ સમક્ષ રજૂઆત કરવાની કાર્ય પદ્ધતિ:</u>

(૧) ફોરમના હુકમની તારીખથી ૩૦ દિવસની અંદર વિદ્યુત લોકપાલને રજુઆત કરવી આવશ્યક છે.
(૨) અરજી વિદ્યુત લોકપાલની ઓફિસે મોકલવી તથા તે અરજીની નકલ તમામ સામાવાળા પક્ષકારોને આપવાની રહેશે.
(૩) ફરિયાદીના નામ / સરનામા સાથે સહીવાળી લેખિત રજૂઆત કરવી.
(૪) રજૂઆત સોગંદનામા સહિત હોવી જરૂરી છે.
(૫) ફોરમ સમક્ષ કરેલ અરજી તથા ફોરમે કરેલ હુકમની ખરી નકલ બિડાણ કરવાની રહેશે. અરજી સાથે ખરાઇ (સર્ટીફાઇડ) કરેલ દસ્તાવેજો જોડવા જરૂરી છે.
(૬) ફોરમના હુકમ મુજબ ફરિયાદીને જો કોઇ રકમ ભરપાઇ કરવાની થતી હોય તો તે રકમના ત્રીજા ભાગની રકમ ભરપાઇ કરી તેના પુરાવા અરજી સાથે બિડવાના રહેશે.
(૭) સદર ફરિયાદ કોઇ પણ સક્ષમ ફોરમ અથવા કોઇ પણ કોર્ટ, ટ્રીબ્યુનલ, આરબીટ્રેટર, કે અન્ય કોઇ ઓથોરીટી સમક્ષ પડતર ન હોવી જોઇએ.
(૮) બધી જ રજૂઆતો પ્રથમદર્શીય નુકશાન અને અગવડતાના સંદર્ભમાં પુરતા અને વાજબી કારણોસરની હોવી જોઇએ.
(૯) રજુઆત અંગ્રેજી અથવા ગુજરાતી ભાષામાં કરી શકાશે.